**No.FW/2020-21/Store/NHM/Drugs/**
**11-536641/...15.........../2020**
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ(આ.વિ.), બ્લોક-૫,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તા. ૦૨/૦૬/૨૦૨૦

પ્રતિ,
**મેનેજીંગ ડાયરેકટરશ્રી**
ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.
બ્લોક નં.૧૪, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મેહતા ભવન,
ગાંધીનગર.

**વિષયઃ-** વર્ષ ૨૦૨૦-૨૧માં એન.એચ.એમ. પ્રોગ્રામ અંતર્ગત 1273-Iron Folic Acid (IFA) Tablet (Small) Pink, 1378-Folic Acid & Ferrous Sulphate Tablets (Large) (Red Colour), 1379-Iron and Folic acid tablet Blue IFA (Large)-WIFS અને 3232-Iron Folic Acid (IFA) Syrup ની ખરીદી બાબત.

**સંદર્ભઃ-** અત્રેની કચેરીનો તા.૧૮/૦૫/૨૦૨૦ પત્ર No.FW/2020-21/Store-NHM-Drugs/11-536641/10/2020

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનુ કે, કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી અંતર્ગત કુપોષણ નિવારણ અંગે તમામ કાર્યક્રમ સ્ટેટ ન્યુટ્રીશન સેલ ધ્વારા ચલાવવામાં આવી રહેલ છે. હાલમાં પાંડુરોગ અટકાયત તેમજ સારવાર માટે લોહતત્વની ગોળી, સીરપ, તેમજ ઇન્જેકશન પણ લાભાર્થીઓ/જરૂરીયાત વાળા દર્દીઓને આપવામાં આવી રહેલ છે. પ્રજનન કાળ ધરાવતી સ્ત્રીઓ તેમજ સગર્ભા બહેનો માટે લાલ કલરની લોહતત્વની ગોળી 1085-Folic Acid & Ferrous Sulphate Tablets (Large) (Red Colour) અને ૧૦-૧૯ વર્ષની કિશોરીઓ માટેની વાદળી કલરની લોહતત્વની ગોળી 1379-Iron and Folic acid tablet Blue IFA (Large)-WIFS તથા બાળકો માટે 1273-Iron Folic Acid (IFA) Tablet (Small) Pink અને 3232-Iron Folic Acid (IFA) Syrup અત્યંત જરૂરી છે. સદરહું દવાઓ વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકાર ધ્વારા પૂરી પાડવામાં આવનાર છે. પરંતુ હાલમાં ફીલ્ડ લેવલે સદરહું દવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી.

વધુમાં પાંડુરોગ (એનેમિયા) નિવારણ ખૂબ જ જરૂરી છે જેના ધ્વારા બાળમરણ, માતામરણ તેમજ ઓછા વજનવાળા જન્મતાં બાળકોના પ્રમાણમાં ચોકકસપણે ઘટાડો થઇ શકે તેમ છે. જે ધ્યાને લઇ સંદર્ભદર્શિત પત્ર ધ્વારા આપની કચેરીને મોકલવામાં આવેલ ઇન્ડેન્ટ પૈકી વિષયાનુસારની દવાઓનો હાલ પૂરતો ત્રણ માસનો જથ્થો નીચેના કોષ્ઠકમાં દર્શાવ્યા મુજબના જથ્થાની ખરીદી આદેશ આપવાની કાર્યવાહી કરવા વિનંતી.

| Sr.no. | Item Code | Name of Drugs | Qty. to be procured for 3 months |
|---|---|---|---|
| a | b | c | d |
| 1 | 1273 | Iron Folic Acid (IFA) Tablet (Small) Pink | 4,35,29,703 Tab. |
| 2 | 1378 | Folic Acid & Ferrous Sulphate Tablets (Large) (Red Colour) | 13,39,70,501 Tab. |
| 3 | 1379 | Iron and Folic acid tabletBlue IFA (Large)-WIFS | 5,78,16,418 Tab. |
| 4 | 3232 | IRON FOLIC ACID (IFA) SYRUP | 6,99,196 Bottle |

**અધિક નિયામક (પ.ક.)**
**ગાંધીનગર**